REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLVI ] TUESDAY, 27th DECEMBER, 2005 / PAUSHA 6, 1927 [ No. 65**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART-II EXTRAORDINARY

### સુરત શહેરી વિકાસ સત્તામંડળ

### અધિસૂચન

(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો-૧૯૭૯નો નિયમ : ૧૮ હેઠળ)

**નગર રચના યોજના નં. ૨૧ (સરથાણા-સીમાડા) (સુડા) સુરત.**

પત્ર નં, સુડા/યુ.૩/ટીપીએસ-૨૧(સરથાણા-સીમાડા)/૬૪૧૯/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૨૧ (સરથાણા-સીમાડા) (સુડા) સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૧૦-૦૬-૨૦૦૫ના ઠરાવ નં. ૨૩૯૭(૩) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા' ના મુખ્ય કરોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ નિયમ અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો ૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉકત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

**ચર્તુઃ સીમા :**

નગર રચના યોજના નં. ૨૧ (સરથાણા-સીમાડા) (સુડા) સુરત.

ઉત્તરે : સુરત-કામરેજ સ્ટેટ હાઈવે/મુ.ન.ર.યો. નં. ૨૨ (સરથાણા-વાલક) (સુડા) સુરત.

દક્ષિણે : નાળીયા રસ્તો.

પૂર્વે : પુનરાવર્તીત વિકાસ યોજનાનો ૬૦.૦૦ મીટર પહોળો રસ્તો, સરથાણા-ખરસદ-પીલોદરા ગામની જમીનો.

પશ્ચિમે : સુરત મહાનગરપાલિકા હદ.

**ઉપરોક્ત નગર રચના યોજનામાં સમાવિષ્ટ બ્લોક નંબરોની યાદી.**

મોજે : સરથાણાના બ્લોક નંબર : ૩૯, ૪૧ થી ૪૮, ૧૦૬/પૈકી, ૧૦૭ થી ૧૧૮, ૧૧૯/પૈકી, ૧૨૦ થી ૧૪૭, ૧૫૬/પૈકી, ૧૬૦/પૈકી.

મોજે : સીમાડાના બ્લોક નંબર : ૩૨, ૩૪ થી ૬૫.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સુડા ભવન'', કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજયપત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સુચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૨૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

મહેન્દ્ર પટેલ,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

---

## અધિસૂચન

**નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) (સુડા), સુરત**

પત્ર નં. સુડા/યુ.૩/ટીપીએસ-૪૩(ભીમરાડ)/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) (સુડા) સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૬-૦૪-૨૦૦૫ના ઠરાવ નં. ૨૩૭૬(૭) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઇરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા' ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ હેઠળ અને તેના નિયમો ૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉકત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

**ચતુઃ સીમા :**

**નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) (સુડા) સુરત.**

ઉત્તરે : સુરત મહાનગર પાલિકા વિસ્તાર, નગર રચના યોજના નં. ૩૭ (અલથાણ).

દક્ષિણે : મોજે ભીમરાડના બ્લોક નં. ૧૫૨ અને ૧૯૬ની જમીનો.

પૂર્વે : ખાડી.

પશ્ચિમે : સુરત-ખજોદનો હયાત રસ્તો.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સુડા ભવન'', કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.